# ફરવાના શોખીન સુરતીઓએ વેકેશન માટે શોધી કાઢ્યા યુનિક ડેસ્ટિનેશન

સુરતીઓ જેટલા ખાવાના શોખીન છે એટલા જ હરવા-ફરવાના પણ શોખીન છે. દિવાળીનું વેકેશન પડે કે પછી સમર વેકેશન. સુરતીઓ તો દેશ-વિદેશમાં ફરવા નીકળી પડે. એક સમયે સુરતના લોકો જે જાણીતી જગ્યાઓ છે ત્યાં જ મોટાભાગે ફરવાનો પ્લાન બનાવતા, જેમકે દેશની જ વાત કરીએ તો જમ્મુ-કશ્મીર, સિમલા-મનાલી, કુર્ગ, ઉટી, રાજસ્થાન વગેરે વગેરે. તો વિદેશમાં રોમ, પેરિસ, લંડન, અમેરિકા, કેનેડા, મલેશિયા, થાઈલેન્ડ, હોંગકોંગ, સ્વિત્ઝર્લેન્ડ, બાલી વેગેરે જાણીતી જગ્યાઓ સેફ લાગે એટલે ત્યાં જ ફરવા જતા. પણ હવેના સુરતીઓ નવી નવી યુનિક જગ્યાઓ ફરવા માટે એક્સપ્લોર કરે છે. હવે તો કેટલાંય કપલ અને ફેમિલી જાતે જ દેશ વિદેશની યુનિક જગ્યાઓ શોધી ત્યાંની ટૂર જાતે જ ગોઠવે છે. પહેલાં સુરતના લોકો ખાસ ફિલિપાઈન્સ કે જ્યોર્જીયા જતા નહીં હતા પણ આ વખતે દિવાળીમાં આ ડેસ્ટિનેશન સુરતીઓએ એક્સપ્લોર કર્યા છે તો કેમ ? આ ડેસ્ટિનેશન કોઈએ તેમને સૂચવ્યા છે કે તેમણે જાતે એક્સપ્લોર કર્યા છે, ત્યાં જવામાં સરળતા રહે છે ખરી, ત્યાં જવું ખર્ચાળ છે કે સસ્તું? તે આપણે જાણીએ...






### જ્યોર્જીયાના ટિબિલિસી અને બાતુમી બે વર્ષથી ફરવાના નવા ડેસ્ટિનેશન

જ્યોર્જીયા માં હવે ભારતીય સ્ટુડન્ટ્સ M.B.B.S. કરવા જાય છે એટલે તે ત્યાં 4-5 વર્ષ હોય એ દરમિયાન તેમના પેરેન્ટ્સ ત્યાં ફરી આવે તો બરફાચ્છાદિત પહાડી, હિસ્ટોરીકલ પ્લેસીસની બ્યુટીની વાતો તેમના સગા સબંધીને કરે તેને કારણે બે વર્ષથી યુરોપની આ કન્ટ્રીમાં ફરવા જવાનું સુરતીઓનું ચલણ વધવા લાગ્યું છે. જ્યોર્જીયાની રાજધાની ટિબિલિસી અને બાતુમી તેમની નેચરલ બ્યુટીને કારણે સુરતીઓમાં ત્યાં જવાનું આકર્ષણ વધ્યું છે. હવે તો ત્યાં ઈન્ડિયન રેસ્ટોરન્ટ પણ ખુલવા લાગી છે. બાતુમીમાં ખૂબ જ સુંદર દરિયો સુરતીઓને આકર્ષવા લાગ્યો છે.

### ફિલિપાઈન્સમાં ફરવું સસ્તું છે, ત્યાંના સેબુ, બોરાકાય છે સુંદર આઇલેન્ડ

વિયેતનામનું પર્યાય હવે ફિલિપાઈન્સ બનવા લાગ્યું છે. આ દેશના સેબુ, બોરાકાઈ, પ્યુરોટોપ્રિન્સિયા આ સુંદર આઇલેન્ડ ફરવાના શોખીન સુરતીઓને છેલ્લા એક વર્ષથી આકર્ષવા લાગ્યા છે. અહીં નાના નાના ટાપુઓ એક્સપ્લોર કરવાની સુરતીઓને મજા આવી રહી છે. વળી, માલદીવ કરતા તે સસ્તું છે એટલે પણ હવે તે ફરવાના નવા ડેસ્ટિનેશન તરીકે ઉભરી રહ્યું છે. નાના નાના આઇલેન્ડની બ્યુટીથી સુરતીઓ અંજાઈ રહ્યા છે. ઓમાનનો દરીયો દરિયો તો ખૂબ સુરત છે જ પણ ટુરિસ્ટોને ફરવા માટેના આકર્ષણો ઘણા ઉભા થયા છે એટલે ઓમાન તરફ ત્રણ વર્ષથી સુરતીઓ જઇ રહ્યા છે. અહીં સ્કુબા ડાઇવિંગ, વગેરેની મજા આવી જાય છે. થાઈલેન્ડમાં ક્રાબી નાનકડું આઇલેન્ડ, વિયેતનામમાં ફુઓક બીચ, દનાંગ હેરીટેઝ પ્લેસ સુરતીઓને આકર્ષી રહ્યા છે.



### દેશમાં કબીની, ગોકર્ણા, ચીલીકા લેક, રાનીખેત, અલમોરા નવા ડેસ્ટિનેશન એક્સપ્લોર કરાયા

જો તમેં 4-5 દિવસ માટે દુનિયાથી ડિસ્કનેક્ટ થઈ ને પોતાની જાતને ખોઈ નાખવા માંગતા હોવ તો કર્ણાટકનું કબીની ફોરેસ્ટ બેસ્ટ છે. ગોકર્ણાનો દરિયાકિનારો ખૂબ સુંદર છે. ડોલ્ફિન માછલીઓને ડૂબકી લગાવતા ઉછળતા જોવા સુરતીઓ ચીલીકા લેક જઈ રહ્યા છે. રાણીખેત અને અલમોરામાં ખૂબ જ સુંદર શાંત પહાડીઓ છે. અને ચંબા તથા ફૂકરી હિલ સ્ટેશન પણ હવે સુરતીઓએ એક્સપ્લોર કર્યા છે.



### અમે ત્રણથી ચાર કપલ બરફાછાદિત અલ્માટી (કઝાકિસ્તાન) જવાના છીએ: નિમા પટેલ

નિમા પટેલે જણાવ્યું કે અમે વર્ષે ત્રણથી ચાર વખત નવા નવા ટુરિસ્ટ સ્પોટ પર જતા હોઈએ છીએ. જો પહેલીવાર બીચ સ્પોટ એક્સપ્લોર કર્યું હોય તો બીજી વાર નેચર સ્પોટ તો ત્રીજી વાર વિન્ટર માટેના યુનિક સ્પોટ પર જઈએ. દરેક સ્થળનો યુનિક એક્સપિરિયન્સ મળે છે. ગયા દિવાળી પર અમે જાપાનની ટૂર પર ગયા હતા. આ દિવાળી પર અમે જાતે જ એક્સપપ્લોર કરેલુ અલ્માટી જવાના છીએ. 5થી 6 દિવસની શોર્ટ ટ્રીપ અહીં થઈ શકે. મને સ્વિત્ઝર્લેન્ડ બહુ ગમે એનાથી પણ ખુબસુરત બન્યું છે કઝાકિસ્તાનનું અલમાટી. બરફથી ઘેરાયેલી પહાડીઓનો નજારો અહીં જોવાનો લ્હાવો જ અલગ છે. ત્યાં હાઈટ પર એક લેક છે. બરફની એક્ટિવીટીઝને એન્જોય કરી શકાશે.



### ટ્રાવેલ બ્લોગર્સ અને રિલ્સને કારણે લોકોમાં યુનિક ડેસ્ટિનેશન પર જવાનો ટ્રેન્ડ: વીનેશ શાહ

ટ્રાવેલ્સ એજન્ટ એસોસિએશન ઓફ પાન ઈન્ડિયાના પ્રેસિડન્ટ વીનેશ શાહે જણાવ્યું કે પહેલા એજન્ટ જે ડેસ્ટિનેશન સજેસ્ટ કરતા ત્યાં જવાનું લોકોમાં ચલણ હતું. પણ હવે સમય એવો આવ્યો છે કે લોકો જાતે ઈન્ટરનેટ પર નવા ડેસ્ટીનેશન એક્સપ્લોર કરે છે અને ટ્રાવેલ એજન્ટ પાસે આ નવા ડેસ્ટિનેશન પર ફરવા જવાની ઈચ્છા જાહેર કરે છે. ટ્રાવેલ બ્લોગર્સ નવી નવી યુનિક જગ્યાઓ પર જઈને તેનો એક્સપિરિયન્સ લોકો સામે બ્લોગ થ્રુ મૂકે છે વળી, રિલ્સ પણ નવા ડેસ્ટિનેશન તરફ જવા માટે લોકોને પ્રભાવિત કરે છે. લોકો સેફ્ટી અને સ્વચ્છતાને પણ મહત્ત્વ આપે છે.

# સુરતના આર્ટિસ્ટ્સ છવાયા : એકનું પેઇન્ટિંગ KBCમાં ઝળક્યું, બીજાએ ફ્રાંસમાં મેળવી સિદ્ધિ

સુરતની ભૂમિ માત્ર સ્વાદ માટે દેશ-વિદેશમાં જાણીતી થઈ છે એવું નથી પણ તે અચ્છા કલાકારોની ભૂમિ તરીકે પણ ઝળકી રહ્યું છે. સુરતના લોકો પોતાનામાં રહેલા આર્ટથી એવું બેમિસાલ સર્જન કરી રહ્યા છે કે તેમની પર દેશ-વિદેશનું ધ્યાન ખેંચાઈ રહ્યું છે. આ ભૂમિના બે વિરલ આર્ટિસ્ટની જ વાત કરીએ તો બંને છે પેઇન્ટિંગની ફિલ્ડના કમાલના આર્ટિસ્ટ. તેમણે પેપર શીટ અને ફેબ્રિક પર જે આર્ટ કર્યું છે તે કાબિલેદાદ છે . 6 વર્ષના કિયાનની વાત કરીએ તો તેણે એવું પેઇન્ટિંગ બનાવ્યું છે કે જે ફ્રાન્સની હોસ્પિટલમાં ડિસ્પ્લે થવાનું છે. માનસીની વાત કરીએ તો તમને 24 સપ્ટેમ્બરનો KBC નો શો યાદ છે? તેમાં અમિતાભજીને એક બ્લેઝર ગિફ્ટ કરવામાં આવ્યું હતું. તેના પર અમિતાભજીના ફેસનું એક આકર્ષક પેઇન્ટિંગ બીજા કોઈ નહીં પણ સુરતની આર્ટિસ્ટ માનસી વિરાણીના જાદુઈ હાથોની કમાલ છે. તો ચાલો આપણે આ બંને આર્ટિસ્ટની ગૌરવ પૂર્ણ સિદ્ધિની સફરને જાણીએ...

Succcess મંત્ર

## અમિતાભજીને ગિફ્ટ કરાયેલા બ્લેઝર પર એમની ડોન ફિલ્મના લુકનું માનસીએ પેઇન્ટિંગ કર્યું





માનસી વિરાણીએ જણાવ્યું કે સુરતના કુણાલ દલાલે K.B.C.ના શોમાં પાર્ટીસિપેટ કર્યું હતું. 24 સપ્ટેમ્બરે ટેલિકાસ્ટ થયેલા આ એપિસોડમાં કુણાલ દલાલે મારું ફેબ્રિક પેઈન્ટ કરેલું એક બ્લેઝર અમિતાભ બચ્ચનને ગિફ્ટ કર્યું હતું.આ શો પહેલા કુણાલ દલાલ મારી પાસે બ્લેક વેલ્વેટ બ્લેઝર લઈને આવ્યા હતા તેની પર અમિતાભ બચ્ચનનું પેઈન્ટિંગ કરવા મને કહ્યું હતું. મેં મેમોરેબલ રહી જાય એ રીતે બ્લેઝર પર અમિતાભ બચ્ચનની ઓલ્ડ મુવી ડોનનો લુક પોટ્રેટ કર્યો અને તેને આર્ટિસ્ટિક લુક આપ્યો. આ ફેબ્રિક પેઈન્ટિંગને અમિતાભ બચ્ચને એપ્રિશિએટ કર્યું હતું અને તેઓ તે બ્લેઝર ઘરે લઈ ગયા હતાં. શો દરમિયાન આ પેઈન્ટિંગ મેં (માનસી વિરાણીએ) બનાવ્યું હોવાનું અમિતાભ બચ્ચને જણાવવામાં આવ્યું હતું. મારા આર્ટના તેમણે ખૂબ જ પ્રભાવિત કરનારા શબ્દોમાં પ્રસંશા કરી હતી.

### બ્લેઝર પર પેઇન્ટિંગ કરતા મને 7થી 8 કલાક લાગ્યા: માનસી વિરાણી

આર્ટિસ્ટ હોવું ઈનબોર્ન ટેલેનટ છે તે માનસી વિરાણીએ સાબિત કરી આપ્યું છે. પેઈન્ટિંગને લઈને કોઈ સ્ટડી તેમણે નથી કરી પણ તેમને બાળપણથી કલર્સ પ્રત્યે અટ્રેક્શન રહ્યું હતું. અંકલેશ્વરથી પરિવાર સાથે સુરત આવીને વસેલા માનસીબેન કેન્વાસ પેઈન્ટિંગ, વોલ પેઈન્ટિંગ, લેધર પેઈન્ટિંગમાં તો મહારથી છે જ સાથે વુડન ફર્નિચરને ડિફરન્ટ લુક આપવામાં પણ તેઓ માહિર છે. તેમણે જણાવ્યું કે કુણાલ દલાલે મને જ્યારે બ્લેઝર પર અમિતાભ બચ્ચનનું પેઈન્ટિંગ કરવાનું કહ્યું ત્યારે મારી પાસે સમય ખૂબ ઓછો હતો મેં પેઈન્ટિંગ 7થી 8 કલાકમાં રેડી કર્યું હતું. હું માત્ર પોતાની કળાને જ નિખારું છું એવું નથી પણ મેં મારું આ આર્ટ ઘણાને શીખવાડ્યું પણ છે અને પેઈન્ટિંગના કામ આપી તેમનો ફાયનાન્શ્યલ





## રેર સ્કિન ડીસીઝમાં અવેરનેસને લઈને ફ્રાન્સની કોમ્પિટિશનમાં કિયાનને મળ્યું ફર્સ્ટ પ્રાઇઝ

કિયાનના મમ્મી ડૉ. કેયા શાહે જણાવ્યું કે ફ્રાન્સ સ્થિત રેને ટોરન્ટ ફાઉન્ડેશન દ્વારા સ્કિનને લગતા રેર રોગો વિશે અવેરનેસ ફેલાવવા 3થી 6, 6થી 12ના બાળકો અને 12થી 18 વર્ષના માટે ડ્રોઈંગ કોમ્પિટિશનનું આયોજન એપ્રિલ-2024માં કરવામાં આવ્યું હતું. કિયાને આ કોમ્પિટિશન માટે રેર સ્કિન ડીસીઝ ઝેરોડર્મા પીગમેન્ટોસમથી પીડિત બાળકનું પેઈન્ટિંગ બનાવ્યું હતું જેમાં આ બીમારીથી પીડિત સૂર્ય પ્રકાશમાં બહાર નીકળે તો સ્કિન બળે, ખંજવાળ આવે, સ્કિન કેન્સર થાય, આંખમાં કેટરેક્ટ થાય તેને હાઈલાઈટ કર્યું હતુ અને આવા દર્દીએ સુર્યપ્રકાશથી બચવા અમ્બ્રેલા યુઝ કરવું પડે, ડાર્ક ગોગલ્સ પહેરવા પડે અને ન્યુટ્રીશનવાળા ફૂડ ખાવા જોઈએ તે ઈન્ડિકેટ કર્યું હતું. કિયાનને આ પેઈન્ટિંગ માટે 3થી 6 વર્ષના બાળકોની કેટગરીમાં ફર્સ્ટ પ્રાઈઝ મળ્યું છે. તેનું આ પેઈન્ટિંગ ત્યાંની હોસ્પિટલમાં ડિસ્પ્લે થશે. કિયાનને સર્ટિફિકેટ અને ગિફટસમાં પઝલ ગેમ, ક્રેયોન્સ મળ્યા છે.

### કેલેન્ડરમાં પણ ડ્રોઈંગને મળશે સ્થાન



આ બીમારી માટેના અવેરનેસને લગતા પ્રકાશનમાં અને કેલેન્ડરમાં સ્થાન આપવામાં આવશે. કિયાનના દાદા ડૉ. ગિરીશ શાહ, દાદી ડૉ. હર્ષિદા શાહ, ફાધર પ્રો. ડૉ. ભુવનેશ શાહ અને મધર ડૉ. કેયા શાહ શહેરમાં ચિકિત્સા ક્ષેત્રમાં જાણીતું નામ છે. કિયાન નેચર લવર છે અને સારો જીમનાસ્ટ છે. તે ઈન્ડિયન આર્મી માટે ભવિષ્યમાં સારું કાર્ય કરવાની તમન્ના ધરાવે છે. તે સારો સ્ટોરી ટેલર પણ છે. તેણે તેની 5મી બર્થડે હાલમાં જ પોલીસ જવાનો સાથે ઉજવી હતી.

મેરી સુરત ટેઢી આંખે
ગજેન્દ્ર મજીઠિયા

*'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજીંદી જીવનશૈલીના આગવા પાસાઓને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશા છલકાશે!...*




## ચંદની પડવાને વારે, સુરતી કાયમ ઘારીને ધારે.... ધાબે કે ફૂટપાથે, ભૂસું પણ રહે સાથે....

હું લાલો સુરતી, ચંદની પડવો મારો પોતીકો તહેવાર...ઓળખ મારી ઘારી, હું ખાઉં વારંવાર... હુંકારમાં ભલે ઘારી લેવા જાઉં, પણ પરિવારસંગે જ ખાઉં.... ધાબે કે ફૂટપાથે બેસું, ઘારી સંગ આરોગું ભૂસું...પરિવાર મારી સાથે હોય, બાલ-બચ્ચા પણ રમતા હોય... પોલીસ ભલે દંડા મારે, હું ઉજવું ચંદની પડવો ભારે... ટનબંધી આરોગું ઘારી, તંદુરસ્તી રહે મજબૂત મારી... ભિક્ષુકો આવે મારી પાસ, હું આપું તેમને પણ ઘારી ખાસ... ખાઉં હું પરાઠા પણ સાથે, પણ ઘારીને કાયમ રાખું માથે... હું લાલો સુરતી, ઘારી માટે મારી કાયમ છે સ્ફૂરતી...